Extra No. 102

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] TUESDAY, APRIL 7, 2026 / CHAITRA 17, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(એસ) અન્વયેનો

નં.પીઓએલ(૩)/વશી/૪૩૨/૨૬ - સેક્રેટરીશ્રી, આમસરલ રાયફલ એડવેન્ચર એકેડેમી, આમસરણ તા. મહેમદાવાદએ તેઓની તા. ૧૧/૦૨/૨૦૨૬ની અરજીથી તેઓની રેન્જ ખાતે વર્ષ દરમ્યાન અનેક સ્પર્ધાઓ જેવી કે ખેડા ડીસ્ટ્રીકટ શુટીંગ ચેમ્પિયનશીપ, અમદાવાદ ડીસ્ટ્રીકટ શુટીંગ ચેમ્પિયનશીપ, ગુજરાત સ્ટેટની વિવધ શુટીંગ ચેમ્પીયનશીપ તેમજ ગુજરાત સરકારના ખેલમહાકુંભ અંતગત રમાતી શુટીંગ સ્પર્ધાઓનું પણ આયોજન આ રેન્જ ખાતે થાય છે. જેથી આગામી ત્રણ વર્ષો સુધી એકેડમીની રેન્જ અને તેની આજુબાજુના વિસ્તારમાં માનવીય અને પશુની હેરફેર પર પ્રતિબંધ મુકવા માટે જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. આ હકીકતે ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન કોઈ જીવ ને જાનહાની ન થાય તેમજ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના પગલા રૂપે ફાયરીંગ રેન્જની આસપાસના વિસ્તારમાં માણરા તથા ઢોરની પ્રવેશબંધી જાહેર કરવાની થાય છે.

વાસ્તે હું જે.બી.દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(એસ)થી મને મળેલ સત્તાની રૂઈએ, આમસરણ તા.મહેમદાવાદ ખાતેની ફાયરીંગ બટના ફાયરીંગ રેન્જના વિસ્તારની ૫૦૦ મીટરની ત્રિજયામાં તા. ૦૧/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૧૦/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) રમાનારી શુટીંગ સ્પર્ધાઓ માટે ડાયરીંગ પ્રેક્ટીસ દરમ્યાન મનુષ્યોની પોતાની તથા જાનવરો સાથેની અવર-જવર તેમજ જાનવરો ફરતા છુટા મુકવાના કૃત્યો અને જાહેર ઉપયોગ માટે આથી પ્રતિબંધ ફરમાવું છું.

સદરહું પ્રેક્ટીસ દરમ્યાન જાહેર જનતાએ ફાયરીંગ રેન્જમાં વિના પરવાનગીએ પ્રવેશ કરવો કે કરાવવો નહીં તથા પોતાના આશ્રિત પશુઓને સ્થળથી દુર રાખવા તથા સદરહું જગ્યાએ પશુઓ અવર-જવર ન કરે તેની તકેદારી રાખવી ફાયરીંગની પ્રેકટીસ દરમ્યાન બહારના કોઈપણ માણસો, પશુ વગેરે પ્રવેશે નહી તેની તકેદારી રૂપે રોકેટરીશ્રી, આમસરણ રાયફલ એડવેન્ચર એકેડેમી, આમસરણ તા.મહેમદાવાદએ વ્યવસ્થા ફાયરીંગ કેમ્પની આજુબાજુના વિસ્તારમાં રાખવાની રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ તથા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૧/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.05.15 17:46:25 IST